ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં બે વર્ષમાં ૨૬ પાણીની ટાંકી અને ૨૪ સંપ બનાવાયા

## દહેગામમાં ૧૧ ઉંચી ટાંકી અને કલોલ તાલુકામાં ૧૦ સંપ બનાવાયા

ગાંધીનગર, તા.૩૧

પાણી પુરવઠા વિભાગ દ્વારા બે વર્ષ દરમિયાન તાલુકાવાર ૨૬ પાણીની ઉંચી ટાંકીઓ બનાવવામાં આવી છે. આ ઉપરાંત પાણીની સમસ્યાને ડામવા ૨૪ જેટલા સંપ બનાવવામાં આવ્યા છે.

વિધાનસભા ગૃહમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પુછેલા પ્રશ્નના જવાબમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા ગાંધીનગર તાલુકામાં ૪, માણસામાં ૨, કલોલમાં ૯ અને દહેગામ તાલુકામાં ૧૧ ઉંચી ટાંકીઓ બનાવવામાં આવી છે આ ઉપરાંત છેલ્લા બે વર્ષમાં ૨૪ સંપ બનાવવામાં આવ્યા છે. આ પૈકી દહેગામ તાલુકામાં બાબરા ગામની ઉંચી ટાંકી માટે વિજ જોડાણ સહીતની આનુસંગિક કામગીરી પૂર્ણ થયા બાદ ટાંકીનો ઉપયોગ શરૂ કરાશે તેમ પણ મંત્રીએ જણાવ્યું છે.

**એક વર્ષમાં મરણોત્તર સહાય અન્વયે રૂ. ૯.૧૦ લાખ ચુકવાયા**

જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ એક વર્ષમાં સામાજિક ન્યાય અધિકારીતા વિભાગને ૨૫૨ અરજીઓ મળી છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે વિભાગના મંત્રીએ જણાવ્યું હતું કે આ પૈકી ૨૫૨ અરજીઓ મંજુર કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ યોજના અન્વયે લાભાર્થીઓને રૂ. ૯.૧૦ લાખની સહાય ચુકવવામાં આવી છે.

**ઔદ્યોગિક એકમોમાં બે વર્ષમાં ૧૭ શ્રમિકોના મૃત્યુ**

જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમોમાં છેલ્લા બે વર્ષ દરમિયાન શ્રમિકોના મૃત્યુના ૧૭ જેટલા બનાવો બન્યા છે. કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં શ્રમિકોના મૃત્યુના ૧૭ કિસ્સામાં નિયમો મુજબ તેમજ રહેમરાહે વળતર ચુકવવામાં આવ્યું છે. જયારે જે કિસ્સામાં વળતર ચુકવવામાં આવ્યું નથી તેવા કિસ્સામાં વારસદારોને જરુરી માહિતી દસ્તાવેજો પુરા પાડવા જણાવાયું છે.

**એમ.એલ.એ. ક્વાટર્સમાં કામ કરતા ૪૫ શ્રમિકોને વેતન ઓછું ચુકવાયું હતું**



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

સે-૨૧ સ્થિત એમ.એલ.એ. કવાટર્સમાં ૪૫ શ્રમજીવીઓને લઘુત્તમ વેતન કરતા ઓછું વેતન ચુકવવામાં આવ્યું હતું. વિભાગ કક્ષાએથી ગત ફેબ્રુઆરી મહીનામાં રેડ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી જેના અંતે આ શ્રમજીવીઓને તફાવતના નાણાં ચુકવી દેવાયા હોવાનું શ્રમ અને રોજગાર મંત્રીએ પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે એમ.એલ.એ. કવાટર્સમાં ૪૯ શ્રમજીવીઓ ઈજારદારે લઘુત્તમ વેતન દરે કામે રાખ્યા છે.

# પાટનગરમાં ચેઈન સ્નેચર્સનો તરખાટ

## રાજ્યનું વહીવટી તંત્ર જ્યાંથી ચાલે છે તે શહેરમાં જ મહિલાઓ અસુરક્ષિત : એક જ કલાકમાં વધુ બે મહિલાના ગળામાંથી સોનાના દોરાની લુંટ કરી બાઈક પર આવતા ચેઈન સ્નેચર્સ રાબેતા મુજબ રફ્ફુચક્કર ચારેય તરફ સીસીટીવી કેમેરા અને ભારે નાકાબંધી વચ્ચે લુંટારૂઓને પકડવામાં પોલીસ નિષ્ફળ..!

ગાંધીનગર, તા.૧

રાજ્યના મુખ્યમંત્રી જે શહેરમાં રહે છે તે ગાંધીનગર શહેરમાં જ મહિલાઓ અસુરક્ષિત હોવાની બુમો ઉઠવા પામી છે. ગાંધીનગર શહેરને છેલ્લા એક મહિનાથી ચેઈન સ્નેચરોએ રીતસરનું ઘમરોળી નાંખ્યું છે. પાટનગરમાં જાણે ચેઈન સ્નેચર્સ રાજ હોય તેમ બિન્દાસપણે શહેરમાં બાઈક કે એક્ટીવા પર આવીને શહેરના માર્ગો પર કે ઘર આંગણે એકલી દેખાતી મહિલાને ટાર્ગેટ બનાવી સોનાનો દોરો લુંટી આ શખ્સો રાબેતા મુજબ રફ્ફુચક્કર થઈ જાય છે. પોલીસના તમામ એક્શન પ્લાનની બેન્ડ બજાવી રહેલા ચેઈન સ્નેચરો શહેર પોલીસની સખત નાકાબંધી અને ચારેય તરફ સીસીટીવી કેમેરાની વોચ વચ્ચે બિન્દાસ્ત ફરી રહ્યા છે. પોલીસ પણ આ શખ્સોને પકડવામાં નિષ્ફળ રહી છે. આજે બપોરે વધુ બે મહિલાઓના ગળામાંથી સોનાના દોરાની એક કલાકમાં લુંટ થવા પામી છે. સે. ૨૧ પોલીસે બંને મહિલાઓની લુંટની ફરીયાદ દાખલ કરી દીધી છે. પરંતુ આ વિગતો બહાર પ્રજા સુધી ન પહોંચે તે માટે માહિતી છુપાવવાના પુરતા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. લુંટના બનાવોને અટકાવવાના પ્રયાસમાં નિષ્ફળ નિવડેલી પોલીસ લુંટના બનાવો પ્રજા અને મિડીયા સુધી ન પહોંચે તે માટેના પ્રયાસમાં લાગી ગઈ હતી..!

મળતી વિગતો મુજબ બપોરે સાડા બારથી પોણા એક વાગ્યાના અરસામાં સે. ૨૨ વૃન્દાવન સોસાયટી પ્લોટ નં. ૫૦૦/૨ ખાતે રહેતા કુસુમબેન લક્ષ્મણભાઈ ભોજ ઘર

● અનુસંધાન પાન-૭ પર





**ગરમી સાથે શેરડીના કોલાનું આગમન** - ઉનાળાના પ્રારંભથી જ ગરમીનું પ્રમાણ જણાતાં શેરડીના રસના કોલા નગરમાં જોવા મળી રહ્યાં છે. આજકાલ નગરજનો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ ગંભીર બનતા જાય છે તેથી ઈલેક્ટ્રીક મોટરથી ચાલતા સંચાને બદલે પરંપરાગત હાઈજીન લાકડાના સંચાથી કાઢવામાં આવતા રસને વધુ પ્રાધાન્ય અપાય છે. **(તસવીર : દિપક જાની)**

# બનાવટી ચલણી નોટોના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ

## આરોપી પશ્ચિમ બંગાળથી બનાવટી ચલણી નોટો મેળવી જુદી જુદી જગ્યાએ વટાવતો હતો

ગાંધીનગર, તા. ૩૧

દહેગામમાં રૂ. ૧ હજારની બનાવટી ચલણી નોટો સાથે ઝડપાયેલા આરોપીને ગાંધીનગર કાર્ટે ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૨૨ જૂન વર્ષ-૨૦૧૩ના રોજ જિલ્લાના દહેગામ તાલુકાની નવકાર કીરાણા સ્ટોર્સ નામની દુકાનમાં આરોપી કુરબાન કૈજુદ્દિન શેખ (રહે. સમતલ્લા પશ્ચીમ બંગાળ) રૂ. ૧ હજારની નોટ સાથે સાબુ ખરીદવા આવ્યો હતો. આ ચલણી નોટ દુકાનદારને બનાવટી હોવાની શંકા જતા વેપારીએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરી હતી.

દહેગામ પોલીસે ઘટના સ્થળે પહોંચી આરોપીના કબજામાંથી ૭ બનાવટી ચલણી નોટો, મોબાઈલ કબજે લઈ તેની ધરપકડ કરી હતી. પી.આઈ. કે.કે. પંડ્યાએ આરોપી વિરૂદ્ધ દહેગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન માલુમ પડ્યું હતું કે આરોપીએ કદીર ઉર્ફે કલ્લુ હઝરતઅલી શેખને પણ આરોપીઓએ પોતાનો આર્થિક લાભ મેળવવા માટે બનાવટી ભારતીય ચલણી નોટો પશ્ચિમ બંગાળ રાજ્યમાંથી મેળવી હતી. ત્યારબાદ અમદાવાદમાં ભાડાનું મકાન રાખી શહેરમાં જુદી જુદી જગ્યાએ બનાવટી નોટો વટાવી નાણાં મેળવ્યા હતા. આ દરમિયાન આરોપી કુરબાન કૈજુદિન શેખ નોટો વટાવતી વેળાએ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલમાં જણાવ્યું હતું કે આરોપીઓએ પશ્ચિમ બંગાળથી મેળવી જુદી જુદી જગ્યાએ વટાવી આર્થિક લાભ મેળવ્યો છે. ભારતીય અર્થતંત્ર ડહોળવાનો પ્રયત્ન કર્યો છે. જેથી સખત સજા કરવી જોઈએ. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ ડી.એમ. વ્યાસે આરોપી કુરબાન કૈજુદિન શેખને ૧૦ વર્ષની સખત કેદ તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

# ધો-૧૧ સેમેસ્ટર પરીક્ષામાં આજે બાયોલોજીનું પેપર

ગાંધીનગર, તા.૩૧

ધો-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૨માં આજે બાયોલોજી વિષયની પરીક્ષા લેવાશે. સેમેસ્ટર-૨ની પરીક્ષા દરમિયાન અત્યાર સુધી જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો નથી. કેમેસ્ટ્રીનું પહેલું પેપર વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યું હતું.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ હાલ શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૧ વિપાનપ્રવાહ સેમેસ્ટર-૨ની પરીક્ષા ચાલી રહી છે. જિલ્લાના ૨૬ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જયારે ૫૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે. શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષાનો પ્રારંભ થયા બાદ તા. ૧ એપ્રિલના રોજ જીવવિજ્ઞાન વિષયની પરીક્ષા લેવાશે. જિલ્લાના પરીક્ષા સ્થળો પર કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી.સી.ટી.વી. કેમેરા અને ટેબલેટની વોચ ગોઠવવામાં આવી છે. પરીક્ષાના પ્રારંભે કોઈ પણ કોપી કેસ નોંધાયો ન હોવાનું શિક્ષણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. પરીક્ષામાં ગેરરીતીના કિસ્સા અટકાવવા માટે કેમેરાની વોચ ઉપરાંત સ્કોવોર્ડ ટીમ પણ રાઉન્ડ લેશે. પરીક્ષાના પ્રારંભે રસાયણ વિજ્ઞાનનું પેપર વિદ્યાર્થીઓ માટે સરળ રહેતા પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

# રાજ્ય સરકારે નવી પ્રવાસન નીતિ ઘડવાની વિચારણા કરવી જોઈએ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકારે નવી પ્રવાસન નીતિ ઘડવાની વિચારણા કરવી જોઈએ તેમજ પ્રવાસન નિગમની કેટલીક હોટલો દ્વારા થતી સતત ખોટ માટેના કારણોનું વિશ્લેષણ કરીને સુધારાત્મક પગલા ભરવાની ભલામણ કેગ દ્વારા કરવામાં આવી છે.

કેગના અહેવાલમાં પ્રવાસ નિગમ દ્વારા સંચાલિત હોટલોની ખોટ અંગેની વિગતો બહાર આવવા પામી છે. જેમાં પ્રવાસન નિગમ સાત માર્ગ પરની સુવિધાઓ અને પાંચ અલ્પાહાર ગૃહનું સંચાલન અને નિભાવ કરે છે. ૧૪ કાર્યરત હોટલોમાંથી ફક્ત ચાર હોટલોએ સંચિત નફો કર્યો હતો જ્યારે બાકી હોટલોએ ખોટ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રેન્જ આઈ.જી.ને ૧૫ દિવસમાં ૭૦ ફરીયાદો

## સૌથી વધુ ફરીયાદો દારૂ-જુગાર સંબંધીત : ક્વીક રીસ્પોન્સ આપતી આ હેલ્પલાઈનમાં આવેલી ફરીયાદો પૈકી ૧૭ કેસમાં ગુના નોંધાયા : પોલીસ અધિકારી-કર્મચારી સામે પણ ફરીયાદો આવી



ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર રેન્જ આઈજીપી તરીકેનો ચાર્જ સંભાળતા જ હસમુખ પટેલે એક હેલ્પલાઈન શરૂ કરી દીધી હતી. જેમાં કોઈ પણ વ્યક્તિ સીધી ફરીયાદ કરી શકે છે. અને તેની ઓળખ પણ ગુપ્ત રહેશે. ૦૭૯-૨૩૨-૬૦૬૧૫ આ હેલ્પલાઈન પર પંદર જ દિવસમાં ગાંધીનગર રેન્જ વિસ્તારમાંથી ૭૦ જેટલી ફરીયાદો સીધી રેન્જ આઈજીપી હસમુખ પટેલને મળી છે. જેમાં મોટા ભાગની ફરીયાદો દારૂ-જુગારના ચાલતા અડ્ડાઓ સંબંધીત હતી. તે ઉપરાંત પોલીસ અધિકારી-કર્મચારીઓ સામેની પણ ફરીયાદો મળવા પામી છે. ક્વીક રીસ્પોન્સ આપતી આ હેલ્પલાઈનમાં મળેલી ફરીયાદો પૈકી ૧૭ ફરીયાદોમાં ગુના દાખલ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર


**ભાડે જોઈએ છે**
ઓફીસ એન્જીનિયરીંગ કંપની માટે આશરે ૩૫૦૦ સ્કેવર ફુટ સાથે ૫૦૦ સ્કેવર ફુટ સ્ટોરેજ.
ઈન્ફોસીટી તથા G.I.D.C. ગાંધીનગર
98795 98085

**ખોવાયેલ છે**
જનક રમેશભાઈ પ્રજાપતિ N.C.C.ના B અને C સર્ટિ. ખોવાયેલ છે. જો મળે તો મો. ૭૮૭૪૨૬૯૯૧૧ પર જાણ કરવા વિનંતી.

**સતત ત્રીજી ટર્મમાં બિનહરીફ થવા બદલ અભિનંદન**



શ્રી અજયભાઈ એચ.પટેલ
ચેરમેન



શ્રી શંકરભાઈ એલ.ચૌધરી
વાઈસ ચેરમેન

ગુજરાત રાજ્યની તમામ સહકારી બેંકોની બેંક(Apex Bank)માં સતત ત્રીજી ટર્મ માટે બિનહરીફ વરણી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન, આપના પ્રમાણિક વહીવટ અને આગવી કોઠાસૂઝ દ્વારા GSC બેંકની પ્રગતિ એ આપની ઉપલબ્ધી છે. આપની રાહબરી નીચે બેંક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભકામનાઓ સાથે આપને ફરી કોટી કોટી અભિનંદન.

॥ શુભેચ્છક ॥

શ્રી પટેલ અમથાભાઈ રામાભાઈ (ચેરમેન)
શ્રી આયર રામાભાઈ કાળુભાઈ (વાઈસ ચેરમેન)
શ્રી એમ.એમ.પોરાણીયા (સેક્રેટરી)

શ્રી ભાવાભાઈ લવજીભાઈ ઠાકોર
શ્રી બાબુભાઈ રણછોડભાઈ ચૌધરી
શ્રી શંકરભાઈ મલુભાઈ નાડોદા
શ્રી માનાંભાઈ જેઠાભાઈ કણબી
શ્રી માવજીભાઈ વાલાભાઈ ચૌધરી
શ્રી મસાભાઈ મુમાભાઈ દેસાઈ
શ્રી અજમલજી અભાજી ઠાકોર
શ્રી હેગોળભાઈ જેમાભાઈ ચૌધરી
શ્રી લક્ષ્મણભાઈ જેવતભાઈ પટેલ
શ્રી વિનોદકુમાર પોપટલાલ ઠક્કર
શ્રી મેમાભાઈ દેવરાજભાઈ ચૌધરી
શ્રી લક્ષ્મણભાઈ કાનજીભાઈ પ્રજાપતિ

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રાધનપુર

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

નાયબ મામલતદાર/ Dy.S.O. 733 જગ્યાઓ
100% ગેરંટીથી નોકરી મેળવો
પ્રિલિમ / મુખ્ય પરીક્ષામાં નાપાસ થવાથી ફી 100% પરતની લેખિત ખાતરી સાથે
TCCI શરૂ કરે છે (નાયબ/મામલતદાર Dy.S.O.)
બ્રિલિયન્ટ બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 2.4.2015 ગુરૂવાર | બપોરના 3 થી 6 | સોમ થી શનિ |

ફી માત્ર ₹ 99,000/- 100% રીફન્ડેબલ
પરીક્ષા સુધીનો કોર્ષ | નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ | 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ

ઈકોનોમિક બેચ-2015

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર |
| 10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર |
| 28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 7-00 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 24,000/-

તલાટી
ગુજરાત સરકારમાં નોકરી મેળવો
ધોરણ-12 પાસ 2440+ જગ્યાઓ
✔ પરીક્ષા સુધીનો કોર્ષ
✔ નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ
✔ 25000+ વધુ પ્રશ્નોનું સોલ્યુશન
✔ 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
(તલાટી) બ્રિલિયન્ટ બેચ-2015
નાપાસ થવાથી ફી 100% પરત
ફી ₹ 99,000/- 100% રીફન્ડેબલ
બેચ શરૂ તા. : 02-4-2015

ઈકોનોમિક બેચ શરૂ થવાની વિગત

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 02.04.2015 | સવારના 10 થી 12 | સોમ થી શુક્ર |
| 16.04.2015 | બપોરના 3-15 થી 5-15 | સોમ થી શુક્ર |
| 11.04.2015 | બપોરના 3-15 થી 6-15 | શનિ / રવિ |

ફી માત્ર ₹ 18,000/-

26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
TCCI EDUCATION PVT. LTD.
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5
328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ચ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M. : 9537614606 / 7
TET/TAT
બેચ શરૂ થવાની તા.: 5-4-2015
ભણવાનો સમય : બપોરના 3 થી 7
ભણવાના દિવસ : શનિ / રવિ
ફી માત્ર ₹ 18,000/- પરીક્ષા સુધીનો કોર્ષ

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com